# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૮/13૭૭૮

તા.૧૭/૦૨/૨૦૧૮

## પરિપત્ર- ૪૭૬

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બેચલર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા આગામી માર્ચ-૨૦૧૮માં લેવાનાર સેમેસ્ટર-૧ની રેગ્યુલર તથા રીપીટર પરીક્ષાના આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr. No | Examination | Semester | Fee | | | | Starting Date for Students to Fill Up Exam Form | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee | | |
| 1 | B.P.T. | 1 | 1000 | -- | 100 | 1100 | 18/02/2018 | 26/02//2018 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ડાઉનલોડ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું મોડ્યુલમાં વેરીફીકેશન કર્યા બાદ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ તેમજ રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના ભારતીય સ્ટેટ બેંકના ખાતા નં.35567029720 (ISFC CODE: SBIN0000375 MICR: 389002003) માં NEFT/RTGS થી નિયત પરીક્ષા ફી તબદીલ/જમા કરાવ્યાની રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

| વિગત | રેગ્યુલર ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | પેનલ્ટી ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સેમેસ્ટર-૧ ના પરીક્ષા આવેદનપત્ર બાબત | તા. ૧૮/૦૨/૨૦૧૮ થી તા. ૨૬/૦૨/૨૦૧૮ સુધી | રેગ્યુલર ફી + ૫૦૦/- તા.૨૭/૦૨/૨૦૧૮ સુધી | રેગ્યુલર ફી + લેઈટ ફી + ૧૦૦૦/- તા.૨૮/૦૨/૨૦૧૮ સુધી |

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


(૫) યુનિવર્સિટી ખાતે આવેદન પત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.

(૬) અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૭) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

૧. દરેક કોલેજએ વિદ્યાર્થીદીઠ પરીક્ષા ફોર્મ, હોલ ટીકીટ અને માર્કશીટ ડાઉનલોડ અને પ્રિન્ટઆઉટ કરવાના વહીવટી ખર્ચ પેટે રૂ. ૪.૫૦/- બાદ કરી પરીક્ષા આવેદન ફી ની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બેચલર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.